ઉત્તર ગુજરાતના ખેડૂતોને બટાકાના ઉત્પાદનમાં કરોડોનું નુકસાન

કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલા બટાકાનો ભાવ ન મળતાં ખેડૂતોને ફટકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

ઉત્તર ગુજરાતમાં એક તરફ વરસાદ ખેંચાતાં ખરીફ ખેતી સંકટમાં મૂકાઈ છે. ધાન્ય પાકનું વાવેતર કરનારા ખેડૂતો ચિંતામાં સરી પડ્યા છે ત્યાં ૫ જિલ્લામાં બટાકાનું ઉત્પાદન કરનારા ખેડૂતોને પણ ભાવ ન મળતાં કરોડોનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલા બટાકાનો યોગ્ય ભાવ ન મળતાં ખેડૂતોને શાકભાજીના ફેરીયાની જેમ બટાકા વેચવા માટે ગામે ગામ નિકળવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. બટાકાનો મણનો ભાવ રૂા.૧૦૦ થી લઈ ૧૫૦ સુધી જ મળી રહ્યો છે જેના કારણે વાવેતર કરનારા ખેડુતોને મોટો ફટકો પડ્યો છે.

બટાકાના ઉત્પાદન સમયે કોલ્ડ સ્ટોરેજો ઉપર વાહનોની લાંબી કતારો લાગી હતી. શરૂઆતમાં સારા ભાવ મળશે તેવી આશા સાથે ઉત્તર ગુજરાતના ખેડૂતોએ લાખો કટ્ટાંનો સ્ટોક કોલ્ડ સ્ટોરેજમાં મૂકી દીધો પરંતુ કોરોનાના કપરા કાળમાં શાકભાજીનો રાજા ગણાતા બટાકાને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું. હોટલ, રેસ્ટોરન્ટ લૉકડાઉનમાં બંધ રહ્યા જેના કારણે બટાકાની માંગ તળીયે પહોંચી અનલૉકના તબક્કા પછી પણ બટાકાના યોગ્ય પોષણક્ષમ ભાવ ન મળતાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ખેડૂતો બટાકાનું ઉત્પાદન કરી હવે રાતા પાણીએ રડી રહ્યા હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. દર વર્ષની જેમ ખેડૂતોએ ઉંચા ભાવની આશાએ મોંઘા ભાવનું બિયારણ ખરીદી બટાકાનું વાવેતર કર્યું હતું અને હવામાન અનુકુળ રહેતાં તમામ વિસ્તારોમાં બટાકાના ઉત્પાદનથી ખેતરો ઉભરાયા પરંતુ હવે બટાકાના મણનો ભાવ રૂા.૧૦૦ થી ૧૫૦ મળતાં ખેડુતોને કરોડોનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. કોલ્ડ સ્ટોરેજમાં મૂકેલા બટાકાનો ભાવ નીચો મળવાની સાથે ટ્રાન્સપોર્ટ ખર્ચ, કોલ્ડ સ્ટોરેજ મેન્ટેનન્સ ખર્ચ કાઢતાં ખેડુતોના ભાગે રૂા.૫૦ નો જ ભાગ આવતો હોય છે. એટલે કે એક મણ ઉપર ખેડુતોને રૂા.૧૦૦નું નુકસાન થઈ રહ્યું છે. જ્યારે એક કટ્ટામાં અઢી મણનું વજન આવતું હોય છે. એક કટ્ટા ઉપર રૂા.૨૭૫ નું નુકસાન ગણીએ તો પણ નુકસાનીનો આંકડો કરોડો રૂપિયા ઉપર પહોંચી જાય તેમ છે. ગત વર્ષ કરતાં ઉત્પાદન વધ્યું છે પરંતુ કોરોના કાળની સાથે બટાકાની નિકાસ ન થઈ શકતાં ખેડૂતો માટે બટાકાનું ઉત્પાદન કરી પસ્તાવવાનો વારો આવ્યો છે.

મોડાસા ચાર રસ્તા પાસે સવારે લક્ઝરી બસ થોભાવાતાં ટ્રાફીકને અડચણ

કાયદેસરનું સ્ટોપેજ હોય તેમ મુસાફરો ઉતારવાનો રોજીંદો ક્રમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

મોડાસામાં બેહાલ બનેલી ટ્રાફીક વ્યવસ્થા વચ્ચે ચાર રસ્તા નજીક સવારે ખાનગી લક્ઝરી બસ થોભાવવામાં આવતાં ટ્રાફીકને અડચણ થઈ રહી છે. કાયદેસરનું સ્ટોપેજ આપવામાં આવ્યું હોય તેમ સરસામાન સાથે મુસાફરોને ઉતારવા માટે રોજ લક્ઝરી બસ ઉભી થઈ જાય છે જેના કારણે ટ્રાફીકજામ થવાથી રાહદારીઓ તેમજ અન્ય નાના વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાઈ રહ્યા છે. ખાનગી કંપનીની લક્ઝરી બસ કચ્છના કાયમી રૂટ ઉપર દોડે છે અને બીજા દિવસે સવારે ડ્રાઈવર આગળ પાછળ ટ્રાફીકની સ્થિતિ જોયા વિના બસને થોભાવી દેતો હોવાથી વાહન ચાલકો ટ્રાફીકમાં અટવાતા હોય છે.

જિલ્લા મથક મોડાસામાં ટ્રાફીકનું સુચારૂરૂપ સંચાલન થાય તે માટે પોલીસની સાથે ટી.આર.બી.ના જવાનોની મદદ લેવામાં આવી રહી છે પરંતુ મોટાભાગના ટી.આર.બી. જવાનો પોલીસના ચિંધેલાં કામમાંથી ઉંચા આવતા ન હોય તેવી સ્થિતિ જોવા મળે છે. ચાર રસ્તા ઉપર પોલીસ અને ટી.આર.બી.ના જવાનો ગાલગપાટા કરવામાંથી ઉંચા આવતા નથી જેથી ટ્રાફીક વ્યવસ્થા લકવાગ્રસ્ત હાલતમાં છે તેમાંય મોડાસાના ચાર રસ્તા નજીક સવારે ખાનગી લક્ઝરી બસ મરજી મુજબ થોભાવી દેવાતી હોવાથી સવારે ગ્રામ્ય વિસ્તારમાંથી વાહન લઈને નોકરી અર્થે જતા વાહન ચાલકો ટ્રાફીકમાં અટવાતા હોય છે. છેલ્લા કેટલાય સમયથી લક્ઝરી બસને પોલીસ દ્વારા કાયમી પેસેન્જર ઉતારવાનું સ્ટોપેજ આપી દેવાયું હોય તે રીતે થોભાવી દેવાતાં સવાર..સવારમાં ટ્રાફીકજામના દ્રશ્યો કાયમી બન્યા છે.

ડી.ઈ.ઓ. કચેરીના આકરા તેવર

પૈસા માંગવાની ક્લીપનું પ્રકરણ : સાતરડા હાઈસ્કુલના આચાર્ય સસ્પેન્ડ, સંચાલક મંડળને નોટિસ આપી સંતોષ માન્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

માલપુર તાલુકાની સાતરડા હાઈસ્કુલમાં સીધી ભરતીથી પસંદ થયેલા ઉમેદવાર પાસે પૈસા માગવાની ઓડીયો ક્લીપ વાયરલ થયા પછી અરવલ્લી ડી.ઈ.ઓ. દ્વારા આચાર્ય હસમુખભાઈ પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સંચાલક મંડળને નોટિસ આપી સંતોષ માન્યો છે. જ્યારે સંચાલક મંડળની કામગીરી પણ શંકાના દાયરામાં હોવાથી શૈક્ષણિક સંસ્થાનો વહીવટ સરકાર હસ્તક થશે કે કેમ..?? તેની ચર્ચાઓ શરૂ થઈ છે.

જિલ્લાની અનુદાન મેળવતી શૈક્ષણિક સંસ્થાઓમાં પાછલા ૨ મહિના દરમ્યાન માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગની સીધી ભરતીથી ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. શિક્ષણ સહાયક તરીકે પસંદ થયેલા ઉમેદવારોએ પસંદગીની શાળામાં હાજર થઈ ગયા છે ત્યારે સાતરડા હાઈસ્કુલમાં ઉમેદવાર પાસે રૂા.૫ લાખ અને ત્યારબાદ રૂા.દોઢ લાખની માંગણી કરતાં મહિલા ઉમેદવારે પોતાની પરિસ્થિતિ સારી નથી, હું રડી પડી હતી, આટલું મેરીટ સારૂ હોય તો પણ પૈસા આપવા પડે..તે પ્રકારની વાતચીતની ઓડીયો ક્લીપ વાયરલ થઈ હતી. જેમાં કથિત રીતે ઓડીયો ક્લીપમાં જે આવજ છે તે શાળાના આચાર્યનો હોવાનું મનાય છે અને તેમાં તેઓએ મંડળ સાથે મધ્યસ્થી કરીને ઓછી રકમ કરાવ્યાની વાતચીત હોવા છતાં સમગ્ર પ્રકરણમાં આચાર્યને સસ્પેન્ડ કરી તંત્રએ વાહ વાહી મેળવ્યા જેવી સ્થિતિ છે. આચાર્યએ ખરેખર કોના કહેવાથી ઉમેદવાર પાસે પૈસા માગ્યા..?? તેની ભીંતરમાં પણ જિલ્લા શિક્ષણાધિકારીએ ઉંડાણપૂર્વક તપાસ કરવી જોઈએ. મંડળમાં તો દર ૨-૫ વર્ષે સભ્યો બદલાઈ જાય પરંતુ અત્યારે તો પૈસા માંગવાના પ્રકરણે આચાર્યને સસ્પેન્ડ કરવો અને સમાજ અને શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવી સ્થિતિ પેદા થઈ છે.

ભિલોડામાં શામળીયા ટીફીન નિઃશુલ્ક સેવાનો શુભારંભ

ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા શામળીયા ટીફીન સેવા (નિઃશુલ્ક)નો શુભારંભ કાર્યક્રમ રવિવારના રોજ શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યા સભાગૃહ, પ્રેરણા વિદ્યાલયમાં યોજાશે. લોક કલ્યાણ અર્થે સેવા ભાવે હંમેશાં અગ્રેસર ઉદય સેવા સંસ્થાન,ટ્રસ્ટીઓ ધ્વારા આયોજીત નિઃશુલ્ક ટીફીન સેવાના ઉદ્ઘાટક શ્રધ્ધેય સંત શિરોમણી પુજ્ય શ્યામસુંદરદાસ મહારાજ, ભોલેશ્વર આશ્રમ વસાઈના વરદ્ હસ્તે કરાશે.

જિલ્લામાં રક્ષાબંધન નજીક આવતાં સજ્જ થતું રાખડી બજાર

કોરોનાનું સંક્રમણ ઘટતાં રાખડીના વેચાણમાં વધારાની આશા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

રક્ષાબંધનનું પાવન પર્વને આડે હવે એક સપ્તાહનો સમયગાળો બાકી રહેતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તેનો ઉત્સાહ જોવા મળવાની સાથે રાખડી બજાર સજ્જ થવા લાગ્યું છે. અવનવી રાખડીઓ સાથે હાલ ધીમું વેચાણ શરૂ થયું પરંતુ આગામી ટૂંક સમયમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું હોવાના કારણે રાખડીના વેચાણમાં વધારો થવાની આશા વેપારીઓ રાખીને બેઠા છે.

જિલ્લામાં રાખડીની અનેક વેરાયટીથી બજારમાં ઉપલબ્ધ થઈ છે. દોઢ વર્ષથી કોરોનાનું સંક્રમણ હાવિ થતાં વર્ષ દરમ્યાન આવતા તહેવારોનો આનંદ ઓસરાઈ ગયો હતો. પરંતુ આ વખતે રક્ષાબંધનના પર્વ પૂર્વે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે જેના કારણે બજારોમાં નવી ચેતના જોવા મળી રહી છે. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક સમા રક્ષાબંધનના પર્વના દિવસે બહેનો દ્વારા ભાઈઓના હાથે રાખડી, રક્ષાસૂત્ર બાંધી તેમના લાંબા આયુષ્યની પ્રાર્થના કરવામાં આવતી હોય છે. જિલ્લાના બજારોમાં હવે ધીરે ધીરે રક્ષાબંધન પર્વની ખરીદીનો માહોલ ઉભો થઈ રહ્યો છે. અવનવા કલરના નાના-મોટા ગોટા, ડીઝાઈન રાખડી, સૂતર, રૂદ્રાક્ષ, સૂખડ તેમજ ચાંદીની રાખડીઓના ક્રેઝને ધ્યાનમાં રાખી વેપારીઓએ સારી ઘરાકી નિકળવાની આશા સાથે માલ સ્ટોક કર્યો છે. જ્યારે નાના-બાળકોમાં છોટાભીમ, લીટલ ક્રિષ્ણા, માય બેન્ડ ગણેશા, સ્પાઈડરમેન તેમજ લાઈટ અને મ્યુઝીકવાળી રાખડીઓ પણ આકર્ષણરૂપ બની છે. રક્ષાબંધન પૂર્વે બજારમાં રૂા.૫ થી ૫૦૦ સુધીની અવનવી રાખડીઓનો સ્ટોક તૈયાર હોવાનું વેપારીઓ બોલી રહ્યા છે.

બાયડ વિધાનસભામાં આવનારી જનઆશીર્વાદ યાત્રા માટે તૈયારીઓ શરૂ

૧૮ ઓગષ્ટે અરવલ્લીમાં પ્રવેશ કરશે, કોરોનામાં સંયમ રાખવા કાર્યકરોને અનુરોધ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

કેન્દ્રીય પ્રધાન મંડળમાં ગુજરાતના સંસદ સભ્યને મંત્રી પદ મળ્યા પછી પ્રજાજનોને આસાનીથી મળે તે માટે ભાજપ દ્વારા જનઆશીર્વાદ યાત્રા ઉત્તર ગુજરાતમાં યોજાવવાની છે. તા.૧૬ થી ૧૮ ઑગષ્ટ દરમ્યાન યાત્રા ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાને આવરી લેશે. તા.૧૮ ઑગષ્ટના રોજ રોઝડ માર્ગે બાયડ તાલુકાના લીંબથી અરવલ્લી જિલ્લામાં પ્રવેશ કરવાની છે. કેન્દ્રના રાજ્ય કક્ષાના મંત્રી દેવુસિંહ ચૌહાણની જનઆશીર્વાદ યાત્રા માટે અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલ અને તેમની સંગઠન ટીમ દ્વારા તૈયારીઓ શરૂ કરી છે. કોરોનામાં સંયમ રાખવા કાર્યકરોને અનુરોધ કર્યો છે.

આવતા વર્ષે ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે. ભાજપ-કોંગ્રેસ પછી હવે રાજયભાં આમઆદમી પાર્ટીની એન્ટ્રી અને દરેક તાલુકાઓમાં આમ આદમી પાર્ટીના યોજાઈ રહેલા જનસંપર્ક અભિયાન પછી અત્યારથી જ રાજકીય ગરમાવો આવી ગયા છે. ભાજપ દ્વારા કેન્દ્રમાં સમાવાયેલા ગુજરાતના મંત્રીઓ જે તે વિસ્તારમાં જનઆશીર્વાદ મેળવવા માટે જાય તે પ્રકારના રૂટ તૈયાર કરી આયોજન કરાયા છે અને તે માટે યાત્રા ઈન્ચાર્જ, રૂટ ઈન્ચાર્જ, વાહન ઈન્ચાર્જ, મીડીયા ઈન્ચાર્જ, સોશ્યલ મીડીયા ઈન્ચાર્જ, પ્રેસ કોન્ફરન્સ ઈન્જચાર્જ સહિતના વિવિધ ઈન્ચાર્જોની નિયુક્તિ થઈ છે. બાયડના વારેણા આશ્રમમાં જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયેલા આશીર્વાદ યાત્રા આયોજન માટેની બેઠકમાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે તા.૧૬ ઑગષ્ટથી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પાલનપુરથી સવારે ૧૦-૦૦ કલાકે યાત્રાનો પ્રારંભ થશે ત્યારબાદ બીજા દિવસે તા.૧૭ના રોજ પાટણ, મહેસાણા જિલ્લો અને સાબરકાંઠા જિલ્લામાંથી યાત્રા પસાર થશે. તા.૧૮ના રોજ સવારે ૯-૩૦ કલાકથી બાયડથી યાત્રાનો પ્રારંભ થશે અને બપોરે ખેડા જિલ્લામાં પ્રવેશ કરશે. અરવલ્લી જિલ્લામાં બાયડ વિધાનસભા બેઠકમાંથી પસાર થનારી યાત્રાને લઈને બાયડ તાલુકા, માલપુર તાલુકા અને બાયડ શહેર ભાજપ સંગઠનને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. બાયડના શરણાઈ પાર્ટી પ્લોટમાં કેન્દ્રીય મંત્રી ભાજપના કાર્યકરોને સંબોધન કરશે. જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલ અને વિવિધ મોરચાના પ્રમુખોને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. બાયડ તાલુકા પંચાયત, માલપુર તાલુકા પંચાયત અને બાયડ નગરપાલિકાના હોદ્દેદારો અને સભ્યોને જનઆશીર્વાદ યાત્રા અંગે ઉંડાણથી વિગતો આપવામાં આવી હતી. જનઆશીર્વાદ યાત્રા આયોજન બેઠકમાં જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, ભીખાજી ડામોર, પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર, ધવલસિંહ ઝાલા, અદેસિંહ ચૌહાણ, બાયડ એ.પી.એમ.સી. ચેરમેન બાબુભાઈ પટેલ, જિલ્લા ભાજપ કાર્યાલય ઈન્ચાર્જ અશ્વિનભાઈ પરમાર, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ નેહાબેન પટેલ સહિત ભાજપના આગેવાન હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન બાયડ તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી મયૂર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ટ્રાફીક નિયમનો ભંગ કર્યો તો દંડ ભરવા તૈયાર રહેજો

સાબરકાંઠામાં પોલીસની ટ્રાફીક ડ્રાઈવ શરૂ, નિયમ ભંગ કરનારાઓ સામે કાર્યવાહી કરવા આદેશ

એડવોકેટ, પ્રેસ, પોલીસ લખેલા વાહનો સામે કાર્યવાહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના માર્ગો ઉપર ટ્રાફીક નિયમનો ભંગ કરનારાઓએ હવે દંડ ભરવાની તૈયારી રાખવી પડશે. પોલીસ તંત્ર દ્વારા ખાસ ટ્રાફીક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે જેમાં સીટબેલ્ટ, હેલ્મેટ, ટ્વિ-ચક્રી વાહન ઉપર ત્રણ સવારી, ફેન્સી નંબર પ્લેટ, રોંગ સાઈડે વાહન હંકારવું તેમજ એડવોકેટ, પ્રેસ અને પોલીસ લખેલા વાહનો સામે કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજરે ટ્રાફીકના નિયમોનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે તમામ પોલીસ સ્ટેશનોને લેખિત પત્ર દ્વારા સૂચના આપતાં વિવિધ લખાણ સાથે વટ મારનારા વાહન ચાલકોને દંડાવવાનો વારો આવ્યો છે.

ટ્રાફીક નિયમોનું પાલન થતું ન હોવાથી માર્ગ અકસ્માતો વધી રહ્યા છે. પોલીસ દ્વારા વાહન ચાલકોને માર્ગ સલામતી સપ્તાહ દરમ્યાન નિયમોની જાણકારી આપવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે છતાં વાહન ચાલકો બેખબર બની ટ્રાફીક નિયમનો ભંગ કરવો તે જન્મ સિદ્ધ અધિકાર હોય તેમ વાહન હંકારતા હોય છે.

સાબરકાંઠા પોલીસ વડા દ્વારા તાજેતરમાં ટ્રાફીકના નિયમોને નેવે મૂકી વાહન ચલાવનારાઓ સામે ટ્રાફીક ડ્રાઈવ અંતર્ગત કાર્યવાહી કરવા માટે તમામ પોલીસ સ્ટેશનોને સૂચના આપવામાં આવી છે. પોલીસ દ્વારા હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં હવે પોલીસ સરકારી વાહનો સાથે હાઈવે માર્ગો ઉપર ગોઠવાઈ ગઈ છે. જેના કારણે અસંખ્ય વાહન ચાલકોને નિયમભંગ બદલ દંડ ભરવો પડશે તે નક્કી છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

જીલ્લા જળ અને સ્વછતા એકમ, હિમતનગર
જાહેર નિવિદા નંબર- ૦૫ સને ૨૦૨૧ - ૨૨

યુનિટ મેનેજરશ્રી જીલ્લા જળ અને સ્વછતા એકમ, ત્રીજો માળ જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા એજન્સીઓ પાસેથી સાબરકાંઠા જીલ્લાની પાણી સમિતિની લોકભાગીદારીથી હાથ ધરવાની થતી યોજનાઓમાં બોર(સોલાર પેનલ, મોટર પંપ ફીટીંગ સાથે) અને કુવો, ઉંચી ટાંકી, ભુગર્ભ સંપ, જમીનતળની ટાંકી, પી.વી.સી. પાઈપ ખરીદી અને મજૂરી કામ, ઘરજોડાણ, હયાત ઘટકો રીપરીંગ કામ, પંપીગ મશીનરી, તથા ડીસ્પ્લે બોર્ડ તથા સ્લોગનના કામોના ટેન્ડર "ઇ" ટેન્ડરીંગ પધ્ધતિથી માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઇ.ડી.નં- ૪૭૭૨૦૭, ૪૭૭૨૧૮, ૪૭૭૨૨૮, ૪૭૭૨૬૫, ૪૭૭૨૭૩, ૪૭૭૨૭૮, ૪૭૭૨૮૩, ૪૭૭૨૮૪, ૪૭૭૨૮૬, ૪૭૭૨૮૯, ૪૭૭૨૯૦, ૪૭૭૨૯૮, ૪૭૭૩૦૨, ૪૭૭૩૦૮, ૪૭૭૩૧૦, ૪૭૭૩૧૧, ૪૭૭૩૧૫, ૪૭૭૩૧૬, ૪૭૭૩૧૮, ૪૭૭૩૨૯, ૪૭૭૩૩૨, ૪૭૭૩૩૩, ૪૭૭૩૩૭, ૪૭૭૩૪૪, ૪૭૭૩૪૭, ૪૭૭૪૯૬, ૪૭૭૪૯૮, ૪૭૭૫૦૫ (ત્રીજો પ્રયત્ન), ૪૭૭૫૦૯(બીજો પ્રયત્ન), ૪૭૭૫૧૧ (બીજો પ્રયત્ન), ૪૭૭૫૧૩, ૪૭૭૫૧૯ (બીજો પ્રયત્ન), ૪૭૭૫૨૦ (બીજો પ્રયત્ન), ૪૭૭૫૨૩ (બીજો પ્રયત્ન), ૪૭૭૫૨૬ (બીજો પ્રયત્ન), ૪૭૭૫૪૧ (બીજો પ્રયત્ન). ભાવો ભરવાની છેલ્લી તા. ૧/૯/૨૦૨૧. ૧૮.૦૦ કલાક સુધી છે તેમજ ટેન્ડરના ફીઝીકલ દસ્તાવેજો તા ૨/૯/૨૦૨૧ ને સમય : ૧૫.૦૦ કલાક સુધી આર.પી.એડી. /સ્પીડપોસ્ટ /કુરીયર કચેરીમાં પહોંચાડવાના રહેશે. આ કામોની અંદાજીત કિંમત ૧૭૯૩૪૫.૨૯ થી રૂ. ૪૯૮૧૨૭૬૦.૦૦ સુધીના છે. ઉકત કામો માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઇ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધીત અધિકાર સબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતિ http://www.wasmo.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તુત વિગતો માટે કચેરી સમય દરમ્યાન યુનિટ મેનેજરશ્રી જીલ્લા જળ અને સ્વછતા એકમ, બાયપાસ રોડ, હિંમતનગર મો. ૮૧૪૧૩૦૬૧૧૫ પાસેથી મેળવી શકાશે. હવે પછીના જો સુધારા હશે તો વેબ સાઈટ ઉપર જોવા મળશે.

ગ્રામ્ય વિસ્તારના પાણીને લગતા કોઇ પણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરવો.
નામાનિ/હિંમત/૨૬૩/૨૦૨૧